ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૨૪.૬ ડીગ્રી
લઘુતમ : ૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૩૬ ટકા

# વસંત પંચમી બેન્ડ-બાજા-બારાતનું પર્વ બનશે...!!!

## શહેરમાં અસંખ્ય લગ્ન સમારંભોના આયોજનો : શહેરની તમામ લગ્નવાડીઓ-રંગમંચ-પાર્ટી પ્લોટ એડવાન્સમાં બુક : વિવિધ જ્ઞાતિ સમાજના સમૂહલગ્નો પણ હોવાથી શહેરમાં સતત શરણાઈના સૂર સંભળાશે

ગાંધીનગર, તા.૯
આગામી બે ત્રણ દિવસોમાં શહેરમાં લગ્ન-વિવાહ પ્રસંગોના આયોજનોની ખૂબ મોટી ભરમાર જોવા મળશે જેના કારણે પાટનગરના માર્ગો પર ભારે ચહલપહલ સાથે ટ્રાફિક જામ થવા સુધીની સ્થિતિ જોવા મળશે. શહેરમાં વણજોયું મુહુર્ત કહેવાતા 'વસંત પંચમી'ના પર્વને અનુલક્ષીને લગ્ન સમારંભોના મોટી સંખ્યામાં આયોજનો જોવા મળી રહ્યા છે. શહેરીજનો પણ પોતાના સ્નેહીજનો સગા સંબંધી મિત્રો વગેરે સાથે બેન્ડ-બાજા-બારાતની ધૂમ મચાવવા મશગુલ બનશે. આ સાથે અનેક સ્થલે સમૂહ લગ્નોના પણ આયોજનો જોવા મળી રહ્યા છે.

### કયાં જવું અને કોને ટાળવાની અવઢવ...!!

શહેરમાં મોટી સંખ્યામાં લગ્ન સમારંભોના આયોજનોને પગલે દરેક ઘરમાં ઓછામાં ઓછા બે થી ત્રણ અને કેટલાંકને ત્યાં તો આઠથી દસ કંકોત્રીઓ-નિમંત્રણ કાર્ડ આવીને પડયા છે. એક જ સમયે એકથી વધુ આમંત્રણ હોવાને કારણે આમંત્રિતો પણ અવઢવમાં છે કે કયાં જવું અને કોને ટાળવા? શકય છે કે એક જ પરિવાર એક સમયે વારાફરથી બે થી ત્રણ સમારંભમાં હાજરી આપવા દોડાદોડી કરશે.

વસંત પંચમીનું પર્વ એ ભારતીય સંસ્કૃતિમાં વણજોયું મુહુર્ત ગણાય છે. એટલે કે જેને લગ્ન સમારંભ જેવા શુભ પ્રસંગો માટે યોગ્ય મુહુર્ત પ્રાપ્ત ના થાય તે આ દિવસે મુહુર્ત જોયા વિના શુભ પ્રસંગનું આયોજન કરી શકે છે. જે હંમેશા ફળદાયી નિવડે છે તેવી માન્યતા છે. આ જ કારણે દર વર્ષે વસંતપંચમીના દિવસે સૌથી વધુ લગ્ન વિવાહના આયોજનો જોવા મળે છે. એક



અંદાજ મુજબ આગામી બે દિવસમાં શહેરમાં બસ્સોથી વધુ સ્વતંત્ર લગ્ન સમારંભોના આયોજન થવા પામ્યા છે. વળી આ સાથે ગાંધીનગર શહેર ઉપરાંત આસપાસના વિસ્તારમાં વિવિધ જ્ઞાતિ સમાજના સમૂહ લગ્નના પણ

### સાંજના સમયે શહેરને જોડતાં માર્ગો પર ટ્રાફિક જામ થશે...!!

શહેરમાં જયારે પણ લગ્ન સમારંભોની ભરમાર વધુ હોય ત્યારે ત્યારે શહેરને અમદાવાદ સાથે જોડતા માર્ગો એસ.જી. હઈવે અને એરપોર્ટ રોડ વગેરે પણ લાંબા સમયના ટ્રાફિક જામ થવાની સ્થિતિ અચૂક સર્જાય છે. કારણ કે આ બંને માર્ગો પરના ખાનગી પાર્ટી પ્લોટોમાં અમદાવાદના લગ્ન સમારંભોનો ટ્રાફિક પણ મિકસ થાય છે. રવિવાર અને સોમવારે લગ્નોની સંખ્યા જોતા શું ટ્રાફિક નિયમન તંત્ર દ્વારા આ સમસ્યા ના સર્જાય તે માટે શું આગોતરા પગલાં લેવામાં આવશે??

આયોજન થવા પામ્યા છે. જે થકી અનેક યુગલો પ્રભુતામાં પગલાં પાડવા જઈ રહ્યા છે. શહેરમાં તમામ કેટરર્સ, ડેકોરેટર્સ, ફોટોગ્રાફર-વિડીયોગ્રાફર્સ સહિત શહેરની તમામ લગ્નવાડીઓ, રંગમંચ, ખાનગી પાર્ટી પ્લોટ અને હોટેલ્સના બેન્કવેટ હોલ વગેરે એડવાન્સમાં બુક થઈ જવા પામ્યા છે. શહેરમાં ખાનગી ટ્રાન્સપોર્ટ તથા પેસેન્જર વ્હીકલ્સના પણ મોટા ભાગના વાહનો લગ્ન સમારંભો કે જાન વગરે માટે બુક કરાવી દેવામાં આવ્યા છે. રવિવારે તથા સોમવારે શહેરમાં અસંખ્ય રિસેપ્શનના આયોજનને પગલે શહેરના મુખ્ય માર્ગો તથા આસપાસના હાઈવે વગેરે પર ટ્રાફિક જામ થવાની પુરેપુરી સંભાવના છે.

# ગ-૧ સંગીત સર્કલે પાઈપલાઈનનો વાલ્વ ખુલ્લો હોવાને કારણે અઢળક પાણીનો વેડફાટ...!!





ગુજરાતમાં આગામી ઉનાળામાં જળ કટોકટી સર્જાય તેવી સ્થિતિ અત્યારથી જોવા મળી રહી છે અને આ ભીતિના પગલે રાજય સરકાર દ્વારા અત્યારથી ફરી તળાવો ઊંડા કરવા સહિતની વિવિધ કવાયત હાથ ધરી જળસંચય સથે જળ નિયમનના પગલા લેવાનું શરુ કરી દેવાયું છે. પરંતુ બીજી તરફ રાજયના પાટનગર ગાંધીનગરમાં જ પાણીની પાઈપ લાઈનનો વાલ્વ ખુલી જવાને કારણે અઢળક પાણીનો વેડફાટ થયો હોવાની ઘટના સર્જાતા શહેરીજનોમાં રોષની લાગણી પ્રવર્તવા પામી છે. શહેરના ગ-૧ સંગીત સર્કલ નજીક આજે સવારથી પાણીનો વાલ્વ ખુલી જવાને કારણે અસંખ્ય લીટર પાણીનો વેડફાટ થયો હતો અને આસપાસના વસાહતીઓ દ્વારા તંત્રને વારંવાર જાણ કરવા છતાં 'રજા'નું બહાનું કાઢી વાલ્વને બંધ કરવામાં આળસ દાખવતા રહીશો આશ્ચર્ય પામ્યા હતા.

શહેરના ગ-૧ સંગીત સર્કલે સવારથી પાણીની પાઈપ લાઈનનો વાલ્વ ખુલ્લો હોવાને કારણે પાણીના ખાબોચિયા ભરાયા હતા અને સર્કલની આસપાસ આસંખ્ય લીટર પાણીનો વેડફાટ થવા સાથે વાહનચાલકોને પણ તકલીફ પડી હતી. નજરે જોનાર આસપાસના રહીશોએ જણાવ્યા મુજબ સતત પાણી વહેતું હોવાથી પાટનગર યોજના ભવનમાં જાણ કરવામાં આવી હતી પરંતુ પહેલા તો આજે રજા છે, કોઈ આવી નહી શકે તેવો રૂટિન જવાબ પ્રાપ્ત થયો હતો પરંતુ વસાહતીઓ દ્વારા પાણી વધુ પ્રમાણમાં વેડફાતું હોવાથી વાલ્વ બંધ કરી જવા વિનવણીઓ કરવામાં આવતા પગલા લેવાયા હતા. જો કે આ પહેલા અઢળક પાણી વેડફાઈ જતા રહીશોમાં રોષની લાગણી જોવા મળી હતી.

# મજિયારી મિલકતના મુદ્દે સગા ભાઈ-બહેનો વચ્ચે લાકડીઓ ઉછળી

ગાંધીનગર, તા.૯
'જર, જમીન અને જોરુ કજિયાના છોરું' આ વાતને સાચી ઠેરવતી વધુ એક ઘટના ગાંધીનગરમાં બનવા પામી છે. મજિયારી મિલકતના મુદ્દે સગા ભાઈઓ અને બહેનો વચ્ચે લાકડીઓ ઊછળી અને છુટા હાથની મારામારી થઈ હતી. સામસામે મારામારી થયા બાદ બહેનને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપવામાં આવી હતી. ગાંધીનગર નજીક આવેલા રાયસણ ખાતે ગુડાના આવાસની નજીક બનેલી આ ઘટના મામલે ઈન્ફોસિટી પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

ધોળકાના વતની અને હાલ રાયસણ ખાતે ગુડાના મકાનમાં રહેતાં પ્રતિમાબેન ત્રિકમભાઈ રાઠોડે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ ચાર બહેનો અને બે ભાઈઓ મળી છ ભાઈ-બહેનો છે. તેમના માતા-પિતા બંનેનુ અવસાન થઈ ગયુ છે. તેમના પિતાને નામે ધોળકામાં પાંચ વિઘા જમીન અને એક મકાન તથા ગાંધીનગરના રાયસણ ખાતે ગુડાનું એક મકાન પણ છે. આ મિલકત તમામ ભાઈ-બહેનોની મજિયારી મિલ્કત છે જે મુદ્દે તેમના વચ્ચે માથાકુટ ચાલે છે. પ્રતિમાબેન પોતાની બહેન કલ્પનાબેન સાથે ગઈ કાલે સવારે નોકરીએ જવા નીકળ્યા ત્યારે રાયસણ ગુડાના મકાનના ગેટ આગળ તેમના બંને ભાઈ શશીકાંત અને કીર્તીકુમાર, ભાભી લક્ષ્મીબેન તથા બહેન દિપાલી ચારેય આવી ગયા હતા. ચારેયે બંને બહેનો સાથે ઝઘડો શરૂ કર્યો હતો. બંને ભાઈઓએ બંને બહેનોને લાકડીથી માર માર્યો અને ભાભી તથા બહેનને વાળ પકડીને પટ્ટાથી માર માર્યો હતો. આ ઝઘડામાં પ્રતિમાબેનના બે મોબાઈલ અને પગારના ૧૦ હજાર રૂપિયા ક્યાંક પડી ગયા હતા. બુમાબુમ થતા આસપાસથી દોડી આવેલા રહીશોએ બંને બહેનોને છોડાવી હતી અને ગાંધીનગર સિવિલમાં સારવાર માટે લઈ ગયા હતા. ઘટનાને પગલે પ્રતિમાબેને ધોળકામાં રહેતાં પોતાના ભાઈ શશીકાંત રાઠોડ, ભાભી લક્ષ્મીબેન રાઠોડ, રાયસણમાં ગુડાના મકાનમાં રહેતા ભાઈ કિર્તી રાઠોડ અને બહેન દિપીકા સામે ફરિયાદ આપતા ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## @ગાંધીનગર

● ચંદ્રાલા ઉમા સંસ્કાર તીર્થ ખાતે ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજનો ૨૮મો સમુહ લગ્નોત્સવ યોજાશે.

● સંસ્કાર ગ્રુપ દ્વારા સે-૭ બગીચા ખાતે સવારે ૯ કલાકે વસંતપંચમીના વધામણા કાર્યક્રમ યોજાશે.

● સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સે-૧૭, ચ-૫ પાસે સવારે ૯.૦૦ કલાકે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે પરીધી ત્રિવેદી પરીખનો પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાશે.

● આજે ફેબ્રુઆરી માસની બેઠકમાં સે-૧૬ યુથ હોસ્ટેલ ખાતે વસંતપંચમી-વેલેન્ડાઈન ડે વિષયે સ્વરચિત કાવ્ય મહેફિલ બપોરે ૪.૩૦ કલાકે યોજાશે.

# સેક્ટર-૧૩ ખાતે આયુર્વેદિક સર્વરોગ નિદાન કેમ્પનો ૧૫૬ લાભાર્થીઓએ લાભ લીધો

## હેપ્પી યૂથ ક્લબ દ્વારા સેક્ટર ૨૨ની સરકારી આયુર્વેદિક હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ કેમ્પમાં ૨૦૦ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પડાયું




ગાંધીનગર, તા.૯
ગાંધીનગરની હેપ્પી યુથ ક્લબ દ્વારા સેક્ટર-૨૨ની સરકારી આયુર્વેદિક હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૧૩ની સરકારી પ્રાથમિક શાળા-૨ ખાતે તા. ૯મી ફેબ્રુઆરી શનિવારના રોજ 'નિઃશુલ્ક સર્વ રોગ નિદાન સારવાર કેમ્પ' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સર્વ રોગ નિદાન કેમ્પમાં સેક્ટર-૨૨ની સરકારી આયુર્વેદિક હોસ્પિટલના નિષ્ણાત તબીબો ડો. ધરાબેન જાદવ દ્વારા વિના મુલ્યે વિવિધ રોગોનું નિદાનની સેવા પૂરી પાડવામાં આવી હતી. આ શિબિરનો કુલ ૧૫૬ લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ સાથે શિબિરના સમાપને ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને તબીબ ડો.ધરાબેન જાદવ દ્વારા 'આયુર્વેદ અને આપણાં તહેવારો' વિષયે સ્વાસ્થ્ય સબંધિત જાગૃતિ વક્તવ્ય પણ આપવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે શિબિરમાં લાભાર્થીઓને પેટના રોગો, શ્વાસ, ઉધરસ, કફ, સાંધાના દુખાવા, મણકાની તકલીફ, ડાયાબીટીસ, સ્થૂળતા, કાન-નાક-ગળા-આંખ-અને દાંતના રોગો, વ્યંધત્વ, ઉત્તમ સંતતિ, સગર્ભાવસ્થાની સમસ્યા સહિતના અન્ય રોગો અંગે દર્દીઓને નિદાન તથા સારવાર અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ જરૂરિયાત મુજબ વિના મુલ્યે દવાઓ પણ આપવામાં આવી હતી.

# સે-૨૩ ગુરુકુળ ખાતે 'ક્રિએટીવ કાર્નિવલ' કાર્યક્રમ યોજાયો






ગાંધીનગર, તા.૯
સત્સંગ શિક્ષા પરિષદ, ગાંધીનગર દ્વારા 'ક્રિએટીવ કાર્નિવલ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ 'ક્રિએટીવ કાર્નિવલ'માં સત્સંગ શિક્ષા પરિષદ, ગાંધીનગર દ્વારા સંચાલિત તમામ શાળાઓ, શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલય, શ્રી હરિ ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, શ્રી સ્વામીનારાયણ પબ્લિક સ્કૂલ, શ્રી સ્વામિનારાયણ શિશુ વિદ્યાલય, શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ અને સ્વામિ યોગાનંદ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા 'વિજ્ઞાન' અને 'આર્ટ એન્ડ ક્રાફટ'નું અદભૂત પ્રદર્શન કરવામાં આવેલું હતું. 'ક્રિએટીવ કાર્નિવલ' અંતર્ગત વિજ્ઞાનના ૧૫૦થી પણ વધુ જીવંત પ્રોજેકટોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તથા સંસ્થાની તમામ શાળાઓમાં વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ જુદા જુદા પ્રોજેકટસ પણ મુકવામાં આવ્યા હતા. આર્ટ એન્ડ ક્રાફટમાં વિદ્યાર્થીઓ દ્વારા કલે વર્ક, સૂતળી વર્ક, પેપર વર્ક, થર્મોકોલ તેમજ પેઈન્ટિંગના જુદા જુદા ૨૫૦૦થી પણ વધારે પ્રોજેકટનું ભવ્ય પ્રદર્શન કરવામાં આવ્યું હતું. 'ક્રિએટીવ કાર્નિવલ'માં મોર્ડન સાયન્સ, આધુનિક ટેકનોલોજી, ઉર્જા સંરક્ષણ બાયો એન્જાઈમ્સ, રીમોટ સેન્સિંગ, ઈરીગેશન, રેઈન વોટર હાર્વેસ્ટિંગ વગેરે જેવા ઘણા વિષયો પર વિદ્યાર્થીઓ દ્વારા રસપ્રદ પ્રોજેકટનું ભવ્ય પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ 'ક્રિએટીવ કાર્નિવલ'નું ઉદઘાટન સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામીજી, શાસ્ત્રી શ્રી રામકૃષ્ણ સ્વામીજીના હસ્તે કરવામાં આવ્યું હતું તેમણે સંસ્થાના જુદી જુદી શાળાઓના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. આ 'ક્રિએટીવ કાર્નિવલ'ની આશરે ૧૦૦૦૦થી પણ વધુ વાલીઓ અને વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી તથા વાલીઓએ પણ 'ક્રિએટીવ કાર્નિવલ'ના આયોજન બદલ શાળાને, શાળાના આચાર્યશ્રી, શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા.

# શહેરમાં 'અવસર એક સુખનો'ના પાંચ શો યોજાયા

## ગુજરાત સંગીત નાટ્ય અકાદમી આર્થિક સહયોગથી યુવા પ્રતિભાશાળી દિગ્દર્શક વિવેકા પટેલ નિર્મિત-દિગ્દર્શિત પારિવારિક સંવેદના રજૂ કરતું નાટક ''અવસર એક સુખનો''ના શહેરમાં કુલ પાંચ શો યોજાયા

ગાંધીનગર, તા.૯
ગાંધીનગરમાં તા. ૭ ફેબ્રુઆરી ૨૦૧૯ ગુરુવાર રાત્રે ૮.૦૦ કલાકે સેક્ટર-૭માં શ્રી પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ગુજરાત સંગીત નાટ્ય અકાદમી આર્થિક સહયોગથી યુવા પ્રતિભાશાળી દિગ્દર્શક યોજના હેઠળ વિવેકા પટેલ નિર્મિત-દિગ્દર્શિત પારિવારિક સંવેદના રજૂ કરતું નાટક ''અવસર એક સુખનો''નો શો યોજાયો હતો. ઉલ્લેખનીય છે કે આ સપ્તાહમાં આ નાટકના કુલ પાંચ શો યોજાઇ ચૂક્યા છે જે તમામમાં પ્રેક્ષકોનો પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડયો હતો.

નાટક ''અવસર એક સુખનો''ના લેખક ડૉ.કનૈયાલાલ ભટ્ટ છે જ્યારે નાટકનું નિર્માણ અને દિગ્દર્શન યુવા પ્રતિભાશાળી દિગ્દર્શક વિવેકા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. નાટકમાં ગુજરાતી ફીલ્મોના પીઢ ચરિત્ર અભિનેતા હસમુખ મેકવાન સહિત વિવેકા પટેલ ઉપરાંત વિનય મિસ્ત્રી, ચંદ્રેશ કેરાલિયા અને નવોદિત બાળ કલાકાર ધ્રીતી પટેલે અભિનયને પ્રક્ષકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધો હતો. નાટકમાં એક સરેરાશ પરિવારની કહાની છે જેમાં હસમુખ મેકવાને વયોવૃદ્ધ વિધુરની વેદનાને વખાણવા લાયક વાચા આપી છે જ્યારે વિનય મિસ્ત્રીએ મનોદિવ્યાંગ વ્યક્તિના વલોપાતને પ્રસંશનીય અભિનયથી તાદશ્ય કર્યો હતો. ચંદ્રેશ કેરાલિયાએ ઘરના મુખ્ય વ્યક્તિનું પાત્ર પ્રભાવશાળી રીતે નિભાવ્યું છે જ્યારે નાટકમાં પ્રેક્ષકોનું જો સૌથી વધુ ધ્યાનાકર્ષિત કર્યું હોય તો તે અંદાજે માત્ર ૬ વર્ષીય બાળ કલાકાર ધ્રીતી પટેલે જેણે પોતાનું પ્રથમ સ્ટેજ પર્ફોર્મન્સ હોવા છતાં ખૂબ જ સહજ રીતે એક મસ્તીખોર દીકરીનું પાત્ર બખૂબી નિભાવ્યું છે. નાટકમાં વિવેકા પટેલે હમેશા જેમ સુસંગત હાવભાવયુક્ત અભિનય સાથે પ્રથમવાર કરેલું ચીવટપૂર્વકનું દિગ્દર્શન પણ તેમનામાં રહેલી અખૂટ પ્રતિભાના દર્શન કરવી જાય છે. નાટકમાં સંગીત સંકલન અને સંચાલન બોની પંચાલનું, પ્રકાશ આયોજન શિવાંગ રાવલનું છે જ્યારે મેકઅપ માટે વિનોદ નાયી તથા સેટિંગ્સ નૈતિક, દિપક સુથાર, વિશાલ સુથાર અને સ્વીટું સુથારે અને નેપથ્યમાં ધ્રુવીલ પટેલે સેવાઓ આપી છે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે આવનારી ગુજરાતી ફિલ્મ ''સાહિલ'' ના મુખ્ય અભિનેતા ફિલ્મ્સ ના પ્રોડ્યૂસર એવા રાજન રાઠોડ અને આવનારી ગુજરાતી આર્ટ ફિલ્મ ''બજાબા'' ના ડાયરેક્ટર શૈલેશ પ્રજાપતિએ હાજરી આપી કલાકરો અને દર્શકોના ઉત્સાહ માં વધારો કર્યો હતો.

